# શહેર-જિલ્લામાં કોરોનાના કેસો ૪૦૦ને પાર

## જિલ્લામાં ૧૬ દર્દીના સારવાર દરમિયાન મોત : કો-મોર્બીડ દર્દીઓની સંખ્યામાં વધતા તંત્રની ચિંતા વધી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૪૦૦ના આંકને પાર કરી ગઈ છે. જિલ્લામાં અનલોક-૧ અમલમાં આવ્યા પછી કોરોનાના કેસોમાં જે ઉછાળો આવ્યો છે તે જોતા તંત્રમાં ચિંતા અને હડકંપનો માહોલ જોવા મળી રહ્યો છે.

છેલ્લા ૪ દિવસમાં જ કેસોની સંખ્યા ૩૦૦થી વધીને ૪૦૦ને પાર કરી ગઈ છે. શહેર - જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય સેવાઓના સઘનીકરણની વાતો વચ્ચે જે રીતે કો-મોર્બીડ કેસો વધી રહ્યા છે તે પણ ચિંતાનજક છે.

શહેરના સ્લમ એરિયામાંથી પણ કેસો મળી રહ્યા છે તો પોશ વિસ્તારમાંથી પણ કેસો મળી રહ્યા છે.

શહેરમાં ૧૪૧ કેસ તો ગ્રામ્ય વિસ્તારમાં ૨૬૦ જેટલા કેસો નોંધાયા છે. જો કે તંત્ર કેટલાક કેસોમાં હદ વિવાદ હોવાનું જણાવી રહેલ છે. શહેર-જિલ્લામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ઉપરાંત અન્ય ત્રણ હોસ્પિટલોને પણ ડેઝીગ્નેટેડ કોવિડ હોસ્પિટલ જાહેર કરવામાં આવેલ છે.

જિલ્લામાં કોરોનાની સારવાર દરમિયાન ૧૬ વ્યક્તિના મૃત્યુ થયા છે. જેમાં ૧૪ ગ્રામ્ય વિસ્તારના છે. જ્યારે બે દર્દી ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના છે.

ગાંધીનગર શહેરના લગભગ તમામ વિસ્તારોમાં કોરોના પ્રસરી ચુક્યો છે. તો ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાના નવા નવા કેસો અલગ - અલગ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી રહ્યા છે.

જિલ્લામાં સેમ્પલીંગની સંખ્યામાં ઘટાડો કરવામાં આવી રહ્યો છે. જો કે તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ હવે ગ્રીન ઝોન વિસ્તારોમાંથી કેસો શોધવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સર્વેલન્સની કામગીરી પણ સઘન કરવામાં આવી છે.

# શહેરમાં ૧૦ કેસ નોંધાયા

### સેક્ટર-૩ડી, સે.૨૦, સે.૧૯, સે.૭એ, સે.૧૬, સે.૬બી, ગોકુલપુરા, વિસ્થાપિતોના છાપરામાંથી કેસો નોંધાયા : સે.૧૯ અને સે.૨૦માં કેસો નોંધાતા તંત્રની ચિંતા વધી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૪૧ થવા પામી છે.

શહેરમાં કો-મોર્બીડ કેસો પણ મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. આજે નોંધાયેલ કેસોમાં ૩ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

જે કેસો આજે નોંધાયા છે તેમાં સે.૩ડી, સે.૨૦, સે.૧૯, ગોકુલપુરા, વિસ્થાપિત છાપરા, સે.૧૬, સે.૭એ, સે.૬બી અને ધોળાકુવાના કેસોનો સમાવેશ થાય છે.

તંત્ર દ્વારા આજે નોંધાયેલા કેસોના દર્દીઓને ઘેર સેનિટાઈઝેશનની કામગીરી તેમના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે સે.૭એની એક વૃદ્ધાને અન્ય બિમારીની સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી જ્યાં આ વૃદ્ધાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ વૃદ્ધાના પરિવારજનોને તંત્ર દ્વારા હોમ ક્વૉરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આ મહિલા ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં દાખલ જ હતા.

સે.૬બીમાં રહેતા અને અમદાવાદ નરોડાના એસ.ટી. નિગમના વર્કશોપમાં ફરજો હજાવતા ૫૭ વર્ષીય પુરુષનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

ધોળાકુવાની એક સગર્ભા મહિલા પણ ગાંધીનગર હોસ્પિટલ ગઈ હતી જ્યાં તેણીનીનો રિપોર્ટ પોઝિટિવ આવેલ છે.

સે.૧૬માં રહેતા એક ૩૯ વર્ષીય પુરુષનો રિપોર્ટ પણ પોઝિટિવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે સે.૧૫માં આવેલ કોલેજમાં એન.સી.સી. યુનિટમાં આ કર્મચારી તરીકે કાર્યરત છે.

વિસ્થાપિત છાપરા તરીકે ઓળખાતા વિસ્તારમાંથી એક ૨૦ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝિટિવ આવેલ છે. આ યુવતી છુટક રોજગારી કરી અને રોજગારી મેળવતી હતી.

સેક્ટર-૧૯માંથી વધુ એક કેસ કોરોના પોઝિટિવનો મળી આવતા તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. પ્રાઈવેટ પ્લોટ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૪ કેસ : વધુ એક મૃત્યુ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૪ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં વધતા કેસોને પગલે તંત્રની દોડધામમાં વધારો થવા પામ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સારવાર દરમિયાન એક દર્દીનું મૃત્યુ થયું છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દીનું મૃત્યુ થયું ત્યારપછી તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ દર્દીના મૃત્યુ સાથે સારવાર દરમિયાન મૃતકોની સંખ્યા ૧૪ થઈ છે. જોકે શહેરના બે મૃત્યુનો સમાવેશ કરવામાં આવે તો મૃત્યુ આંક ૧૬ થાય છે.

જિલ્લામાં રિકવરી રેટમાં નવી ડિસ્ચાર્જ પોલીસી પછી સતત સુધારો જોવા મળી રહ્યો છે. જોકે મૃત્યુ દરની ટકાવારી પણ ચિંતાજનક લેખી શકાય.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે કેસો મળી રહ્યા છે તે લોકલ ટ્રાન્સમિશનથી થયા હોવાનું તારણ આરોગ્ય તંત્ર માની રહ્યું છે. મહિલા દર્દીઓની વધતી સંખ્યા પણ તંત્ર માટે ચિંતાજનક છે.

● અનુસંધાન પાન-૭ પર

### જિલ્લામાં ક્યાં-ક્યાં કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં આજે ૨૩ કેસ કોરોનાના નોંધાયા છે. જેમાં ૧૦ કેસ શહેરી વિસ્તારના છે તો ૧૩ કેસ ગ્રામ્ય વિસ્તારના છે.

- ગાંધીનગર ગ્રામ્યમાં ચિલોડા, રૂપાલ, કોલવડા, પોર, રાયસણ, નવાપુરામાં એક - એક કેસ અને વલાદમાં બે કેસ નોંધાયા છે.
- દહેગામ તાલુકાના સામેત્રી ગામે એક કેસ તો માણસા તાલુકાના આજોલ ગામે એક કેસ નોંધાયેલ છે.
- કલોલ અર્બનમાં બે અને વેડામાં ૧૦૮માં ડ્રાયવર તરીકે સેવાઓ આપતા યુવાનનો કેસ નોંધાયેલ છે.

# હળવાં લક્ષણો ધરાવતાં દર્દીને ૨૪ કલાકમાં ડિસ્ચાર્જ

### તમામ હોસ્પિટલોને નિર્દેશોનું પાલન કરવા આદેશ : માર્ગદર્શિકા મુજબ એસિમ્પ્ટોમેટિક અને હળવા લક્ષણો ધરાવતા દર્દીઓને હોસ્પિટેલાઇઝેશનની જરૂર નહિ રહે

નવી દિલ્હી, તા. ૬

દિલ્હીમાં કોરોનાના તમામ એસિમ્પ્ટોમેટિક અને હળ?વા લક્ષણો ધરાવતાં દર્દીઓને તેમને દાખલ થયાના માત્ર ૨૪ કલાકની અંદર ડિસ્ચાર્જ કરી દેવાના રહેશે. તે અંગે ડિસ્ટ્રિક્ટ સર્વેલન્સ અધિકારીઓએ રિપોર્ટિંગ કરવાની રહેશે. તમામ હોસ્પિટલોને નિર્દેશોનું કડક પાલન કરવાનું કહેવાયું છે તેમ જણાવતાં અધિકારીઓએ ઉમેર્યું છે કે 'અમારા ધ્યાનમાં આવ્યું છે કે ઘણાં એસિમ્પ્ટોમેટિક અને હળવા લક્ષણો ધરાવતા કોરોનાના દરદીઓને હોસ્પિટલમાં દાખલ કરાયા છે.' આ અંગે જારી કરાયેલા આદેશમાં જણાવાયું છે કે સરકાર અને દિલ્હી આરોગ્ય વિભાગે જારી કરેલી માર્ગરેખાઓ મુજબ એસિમ્પ્ટોમેટિક અને હળવા લક્ષણો ધરાવતા કેસોને હોસ્પિટેલાઈઝેશનની જરૂર નહિ પડે. તેમને હોમ આઈસોલોશેનમાં રાખવાની ભલામણ કરાય છે અને જો ઘરે આવી વ્યવસ્થા ન હોય તો કોવિડ કેર સેન્ટરો અથવા કોવિડ હેલ્થ સેન્ટર્સમાં રાખવાની ભલામણ કરવાની હોય છે. દિલ્હી હેલ્થ સેક્રેટરી પદ્મિની સિંગલાએ આ આદેશ પર હસ્તાક્ષર કર્યો હતો.

# નગરની કેટલીક શાળાઓએ વાલીઓ પાસે ફીના ઉઘરાણાં શરૂ કર્યા

### વાલીઓને ઓનલાઇન શિક્ષણ તેમજ સ્ટાફના પગાર સહીતના મુદ્દાઓ ધરી ફી વસુલવા માટે શાળાઓ તરફથી કોલ્સ આવી રહ્યા છે : વાલીઓ પણ મુંઝવણમાં

ગાંધીનગર તા ૬

કોરોનાના કહેર વચ્ચે બે મહીનાના અંતે વેપાર ધંધા માંડ શરૂ થયા છે. જયારે આર્થિક ગતિવિધિઓ શરૂ થાય તે માટે સરકારે અનલોક વન માં વિશેષ છુટછાટ આપી છે. જેના લીધે નગરનુ જનજીવન પણ ધમધમતુ થયુ છે. બીજીતરફ શાળા કોલેજો શરૂ કરવામાં હજુ પણ વિલંબ થાય તેમ છે. પરંતુ ઓનલાઇન શિક્ષણના માધ્યમથી વિદ્યાર્થીઓને ભણતર આપવા માટે પણ શાળાઓ સજ્જ બની છે. ત્યારે નગરની કેટલીક શાળાઓએ વાલીઓ પાસે ફીના ઉઘરાણા કરવાનુ શરૂ કરતા વાલીઓ પણ મુંઝવણમાં મુકાયા છે. ઓનલાઇન શિક્ષણ તેમજ સ્ટાફના પગારની બાબતોને આગળ ધરીને વાલીઓને શાળાકક્ષાએથી ફોન કરીને ફી ઉઘરાવામાં આવી રહી છે.

કોરોનાના કહેર વચ્ચે બે મહીના સુધી વેપાર ધંધા બંધ રહ્યા બાદ આર્થિક સ્થિતિને સુધારવા માટે પ્રયાસો થઇ રહ્યા છે. અનલોક વનના અંતે વિશેષ છુટછાટ આપતા જનજીવન ધમધમતુ થયુ છે. પરંતુ હજુ પણ શાળા કોલેજો બંધ છે. ત્યારે બીજીતરફ શાળા કોલેજમાં પ્રવેશ પ્રક્રીયા હાથ ધરવા માટે પણ વિચારણા ચાલી રહી છે. ત્યારે નગરની કેટલીક શાળાઓએ વાલીઓ પાસે ફી ના ઉઘરાણાં શરૂ કરી દેતા વાલીઓમાં આક્રોશ પ્રવર્તાયો છે. વોટસ એપ પર મેસેજીસ આવતા થઇ ગયા છે. જયારે શાળા કક્ષાએથી પણ વાલીઓને મોબાઇલ મારફત ફી ચુકવવા માટે દબાણ થઇ રહ્યુ છે. કેટલીક શાળાઓ તો સ્ટાફનો પગાર કરવાનો હોવાનુ જણાંવીને પણ ફી વસુલવા માટે વાલીઓને મનાવી રહી છે. જયારે કેટલીક શાળાઓ ઓનલાઇન શિક્ષણ શરૂ કરવાના આધારે ફી વસુલવા માટે વાલીઓને કોલ્સ કરી રહ્યા છે. એકબાજુ સરકારે શાળાઓને ફી ન વસુલવા માટે જણાંવ્યુ છે. કોરોનાના કહેરના લીધે લોકડાઉનની સ્થિતિ લાંબા સમય સુધી ચાલતા ઘણાંખરા વાલીઓ પણ આર્થિકતંગીનો અહેસાસ કરી રહ્યા છે. આવા સંજોગોમાં હાલ શાળા કોલેજો શરૂ કરવાના મામલે પણ સ્થિતિ સ્પષ્ટ થઇ શકી નથી. વાલીઓ પણ પોતાના પાલ્યની સલામતીને ધ્યાને લઇ હાલ શાળા ન ખોલવાના મતમાં છે.

બીજીતરફ ઓનલાઇન શિક્ષણ આ સ્થિતિમાં ઉત્તમ વિકલ્પ છે. પરંતુ હાલ નગરની શાળાઓ તરફથી ફીના ઉઘરાણા કરવામાં આવતો હોવાનો આક્રોશ પણ વાલીઓ વ્યકત કરી રહ્યા છે. આવા સંજોગોમાં ફી ની ચુકવણી મામલે શુ કરવુ તે અંગે પણ વાલીઓમાં મુંઝવણ ઉભી થઇ છે. જયારે શાળા કક્ષાએથી પણ પોતાની મુશ્કેલીઓ ધ્યાનમાં રાખી ફી વસુલવા માટે વાલીઓને કોલ તેમજ મેસેજ કરવામાં આવી રહ્યા છે.



શહેરમાં બીજે દિવસે પણ વાદળછાયું વાતાવરણ...

# જિલ્લામાં ૮ થી ૧૦ જુન વરસાદના દિવસો છે : આગાહી

ગાંધીનગર, તા.૬

આગામી ૮ થી ૧૦ જુન દરમિયાન ગાંધીનગર જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવનાઓ છે.

હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીન જે દાંતીવાદા કૃષિ યુનિવર્સિટી દ્વારા જારી કરાયું છે તેના ૧૯માં બુલેટીનમાં આ સંકેતો આપવામાં આવ્યા છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ૬ જુનથી ૧૦ જુનના પાંચ દિવસ દરમિયાન આકાશ અંશતઃ વાદળછાયું રહેશે. હળવાથી મધ્ય વરસાદ પડવાની સંભાવનાઓ છે. જોકે આ દિવસો દરમિયાન મહત્તમ તાપમાન ૩૯થી ૪૧ ડિગ્રી જ્યારે લઘુતમ ૨૯-૩૦ ડિગ્રી રહેવાની સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૩૫ થી ૭૧ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે તો પવનની ગતિ ૧૨ થી ૧૬ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ બુલેટીનમાં નવી સીઝનની વાવણી માટે સર્ટીફાઈડ બિયારણ જ ખરીદવાની સલાહ પણ આપવામાં આવી છે. તેમજ પશુપાલકોને પણ તેમના પશુઓને છાંયડામાં રાખવા ઉપરાંત તેમને પુરતા પ્રમાણમાં પીવાનું પાણી આપવા જણાવાયું છે.

# શાળાઓમાં હોમ લર્નિંગ કન્સેપ્ટ અપનાવાશે

### સરકાર પણ આયોજન કરી રહી છે : ટી વી પર શૈક્ષણિક કાર્યક્રમો રજુ કરાશે : પ્રાથમિક અને માધ્યમિક સહીતના વિદ્યાર્થીઓ માટે એસાઇમેન્ટ પણ તૈયાર કરાશે

ગાંધીનગર તા ૬

કોરાનાની મહામારી વચ્ચે શાળા કોલેજો ખોલવામાં હજુ સમય લાગે તેમ છે. જયારે વિદ્યાર્થીઓ શાળામાં સોશિયલ ડીસ્ટન્સીંગ સહીતના નિયમોનુ પાલન કરવાનુ પણ સરળ નથી ત્યારે વિદ્યાર્થીઓ ઘરે બેઠા શિક્ષણ મેળવી શકે તે માટે સરકાર દ્વારા ટુંકમાં હોમ લર્નિંગના કન્સેપ્ટ મુજબ આગળની શૈક્ષણિક કાર્યવાહી હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. તા ૮ જુનથી ધો -૧ થી ૯ માટે પ્રવેશ કાર્યવાહી પણ શરૂ કરવા માટે શાળાઓને જણાંવાયુ છે.

કોરોનાના કહેર વચ્ચે વિદ્યાર્થીઓને ઘરે બેઠા શિક્ષણ મળી રહે તે માટે સરકારે હોમ લર્નિંગ શરૂ કરવા માટે શાળાઓને સુચના આપી છે. રાજયની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હોમ લર્નિંગ દ્વારા શૈક્ષણિક પ્રવૃતિઓ શરૂ કરવા માટે નિર્ણય લેવાયો છે. શિક્ષણ વિભાગે લીધેલા આ નિર્ણયમાં તા ૮ જુનથી શાળાઓમાં ધો -૧ થી ૯ માં પ્રવેશ આપવાની કાર્યવાહી શરૂ કરવાની રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

# જાતિના પ્રમાણપત્ર-દાખલાની મુદત એક વર્ષ સુધી વધારાઈ

ગાંધીનગર, તા. ૬

SEBC વર્ગો માટેના જાતિના પ્રમાણપત્ર-દાખલાની મુદત ૧ વર્ષ સુધી વધારી આપવાની રાજ્ય સરકારે જાહેરાત કરી છે. જે યુવાઓના આવા દાખલા-પ્રમાણપત્રની મુદત તા.૩૧ માર્ચ-૨૦૨૦ના પૂરી થાય છે તે દાખલાઓ હવે તા.૩૧ માર્ચ-૨૦૨૧ સુધી માન્ય રાખવામાં આવશે.મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના લાખો યુવાનો, વિદ્યાર્થીઓ, બાળકો, વાલીઓ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ એવો પણ નિર્ણય કર્યો છે કે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા આવકના દાખલાઓ-પ્રમાણપત્ર જેની મુદત તા.૩૧-૩-૨૦૨૦ના પૂરી થતી હોય તે પણ એક વર્ષ એટલે કે તા.૩૧-૩-૨૦૨૧ સુધી વધારી આપવામાં આવી છે. જીઈમ્ઝ માટેના નોન ક્રિમીલીયર સર્ટીફિકેટ આવક દાખલાની સમયમર્યાદા ૩ વર્ષની હોય છે. તેથી મુખ્યમંત્રીએ એવો પણ નિર્ણય કર્યો છે કે આવા જે નોન ક્રિમીલીયર પ્રમાણપત્રોની સમયમર્યાદા તા.૩૧-૩-૨૦૨૦ના પૂર્ણ થતી હોય તે આપોઆપ તા.૩૧-૩-૨૦૨૧ સુધી એટલે કે એક વર્ષ માટે વધારી દેવાશે. આ મુદત વધારા માટે તેમણે મામલતદાર કચેરી કે કોઈ સક્ષમ સત્તાધિકારી સમક્ષ જવાની કે ઓનલાઈન અરજી કરવાની જરૂર રહેશે નહિ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com